

# ભીમનો કાયદો, બિરસાનુ તીર
# સાથે મળીને બદલીએ તાસીર






## દુકાન રોજ ખુલવી જોઈએ
## રાશન બરાબર મળવું જોઈએ
## ફરિયાદ પેટી હોવી જોઈએ
## નહિ તો ફરિયાદ કરવી જોઈએ

### કાળજી રાખવી

- **સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનમાં અનાજ લેવા માટે જાવ છો, ત્યારે આપણને આપવામાં આવે છે, તેટલી જ વસ્તુની નોંધ થાય તેની કાળજી લેવી અને એ સિવાય વધારાની વસ્તુની રેશન કાર્ડમાં નોંધ કરે તો તેને અટકાવવું. જે વસ્તુ ખરીદી કરો છો તેનું બીલ લઈ લેવું**
- **બી.પી.એલ. કાર્ડને મળવા પાત્ર અનાજ મળે છે કે નહિ તે તપાસી લેવું.**
- **આપણું હક્કનું કેરોસીન કાળા બજારમાં વેચાય નહિ તેની કાળજી રાખો.**

- જાહેર વિતરણ વ્યવસ્થા હેઠલ અધિકૃત કરેલી સસ્તા અનાજની દુકાન અઠવાડિયાના ૬ દિવસ, રોજના ૮ કલાક માટે ખુલ્લી હોવી જોઈએ.
- સસ્તા અનાજની દુકાનના નોટિસ બોર્ડ પર ખુલવા તથા બંધ થવાનો ચોક્કસ સમય લખેલો હોવો જોઈએ.
- દુકાનનું સ્ટોક રજિસ્ટર અને વિતરણ રજિસ્ટર બધા ગ્રાહક અને લાભાર્થીઓને જોવા માટે ઉપલબ્ધ હોવું જોઈએ.
- દરેક બી.પી.એલ. કુટુંબને વ્યક્તિદીઠ દોઢ કિલો ઘઉં રૂા. ૨ લેખે અને ચોખા ૧ કિલો રૂા. ૩ લેખે મળવા જોઈએ.
- અંત્યોદય યોજના હેઠળના બી.પી.એલ. કુટુંબને ૨૮ કિલો ઘઉં રૂા. ૨ લેખે અને ૭ કિલો ચોખા રૂા. ૩ લેખે મળવા જોઈએ.
- ૬૦ વર્ષ કે તેથી વધુ વયના વૃદ્ધ અને નિરાધાર વ્યક્તિને અન્નપૂર્ણા યોજના હેઠળ ૧૦ કિલો મફત ઘઉંની કુપન મળવી જોઈએ.
- ગરીબી રેખા હેઠળ (બી.પી.એલ.) અને અંત્યોદય યોજના હેઠળના કુટુંબોને નિયત કરેલા ભાવે અનાજનો નિયત કરેલો જથ્થો મળવો જ જોઈએ.
- રેશનકાર્ડ દુકાનદારે પોતાની પાસે રાખી શકે નહિ. રેશનકાર્ડમાં ખોટી વિગતો લખવી કે કાળાબજાર કરવો એ ગુનો છે.
- સસ્તા અનાજની દુકાનનું ઓડિટ થાય તે આપણો હક્ક છે.
- આપણને જો કોઈ ગોલમાલ દેખાય તો જિલ્લા કલેકટરશ્રીને તેની ફરિયાદ કરી શકાય અને દુકાનદારનું લાયસન્સ તાત્કાલિક અસરથી રદ થઈ શકે.
- વ્યાજબી ભાવના દુકાનદારે દુકાનમાં હાજર જથ્થાની વિગત તથા ભાવની વિગત ગ્રાહક જોઈ શકે તે રીતે રોજે રોજ દર્શાવવાની રહેશે.
- દુકારનદાર ગ્રાહકને ઓછું આપી રેશનકાર્ડમાં વધારે ભરે તે ગુનો બને છે.

**હેલ્પલાઈન નંબર**
**૧૮૦૦ ૨૩૩૫ ૫૦૦**

## દુકાનમાં ગોલમાલ ન ચલાવાય, કલેકટરને તો ફરિયાદ કરાય,
## દુકાનદારનું લાયસન્સ જપ્ત થાય, સૌને નિયમિત રાશન વેચાય

શું સસ્તા અનાજની દુકાન
ગ્રામસભા હસ્તક હોવી જોઈએ ?
આ દુકાનમાં તમને રોજ ખાતા હોય તે અનાજ
મળવું જોઈએ કે બીજું ?

તમારો જવાબ આ
સરનામે મોકલી આપો


**વિકલ્પ**
ટી-૧, સુયોગ-૧, વેજલપુર બસ સ્ટેન્ડ પાસે,
વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧
e-mail: vikalpahd@gmail.com
**website : www.vikalp.org**


વિકલ્પ VIKALP